# કલ્યાણ-ડોંબિવલીમાં વિકાસ પાછળ ખર્ચાયા ₹ ૨૪૦૦ કરોડથી વધુ

*કલ્યાણ:* કલ્યાણ-ડોંબિવલી પાલિકામાં આર્થિક અડચણો હોવાનો મુદ્દો મુખ્ય પ્રધાન સુધી પહોંચ્યો છે. છેલ્લાં વીસ વર્ષમાં ૨૪૯૭ કરોડ રૂપિયા વિકાસ કામો માટે ખર્ચવામાં આવ્યા હતા, એવો દાવો પ્રશાસને કર્યો હતો. જોકે આ બંને શહેરોની નાગરિક સમસ્યા યથાવત્ છે, તો આ રકમનો શેના પર ખર્ચ કર્યો છે, એવો સવાલ ઊભો થયો છે. તેનો જવાબ એ છે કે કુલ રકમ પૈકી ૪૫ ટકા રકમ ભ્રષ્ટાચારમાં ગઈ, જ્યારે બીજી ૪૫ ટકા રકમ કામદારોના અને પદાધિકારીઓના ભથ્થા તેમ જ સુશોભિકરણ માટે વાપર્યા હોવાનું જાણમાં આવ્યું છે, એવું માહિતી અધિકારના કાર્યકર્તા શ્રીનિવાસ ધાણેકરે દાવો કર્યો છે. આટલી રકમ ખર્ચ કર્યા છતાં નાગરિકોની બૂમાબૂમ થતાં ઓડિટ થયેલા પર જ શંકા ઉપસ્થિત થાય છે. પાલિકાના કામોમાં કામના કુલ રકમના ૪૫ ટકા નગરસેવક અને અધિકારીઓને આપવી પડે છે. બાકીના ૫૫ ટકામાં કોન્ટ્રેક્ટરનો નફો કમાવા કામ હલકી કક્ષાનું કરતાં ફરીથી તે જ કામો વર્ષોવર્ષ ચાલ્યા કરે છે. આ રકમ નાગરિકોએ ભરેલી કરની રકમ છે. અંદાજપત્રની કુલ રકમમાંથી દર વર્ષે ૪૫ ટકા રકમ ખર્ચ કરવામાં આવે છે, જેમાં પગાર, વાહન ભથ્થું અને મોબાઈલ ખર્ચ પાલિકા કરે છે. છેલ્લાં વીસ વર્ષોમાં વિકાસનાં કામો પર થયેલા ખર્ચમાં બાંધકામ વિભાગ ૩૮૩ કરોડ, રસ્તા સમારકામ ૨૩૪ કરોડ, ગટર અને શૌચાલય સમારકામ ૪૦ કરોડ, નવા રસ્તાઓનું બાંધકામ ૨૨૩ કરોડ, નવા બગીચાઓ ૧૩ કરોડ, પાણીપુરવઠા વિભાગ ૯૧૧ કરોડ, એમઆઈડીસી અને એમડબલ્યુએસએસને પાણીપુરવઠા માટે ૪૬૦ કરોડ, ટેન્કર ભાડા ૧૭ કરોડ, પાણીપુરવઠા સમારકામ ૯૧ કરોડ અને નાળાસફાઈ માટે ૩૩ કરોડ વાપરવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું. ■

રાંધ્યા પછીનું ડહાપણઃ

# મારે શરદ પવારની ખાનગી ચર્ચાને જાહેર કરવી જોઈતી નહોતીઃ સંજય રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એનસીપી અને બીજેપી દ્વારા રદિયો આપ્યાના દિવસો બાદ શિવસેનાના સંસદસભ્ય સંજય રાઉતને ડહાપણ આવ્યું હતું અને તેણે જણાવ્યું હતું કે મારે શરદ પવાર સાથેની ખાનગી ચર્ચાને જાહેર કરવી જોઈતી નહોતી. અત્રે ઉલ્લેખનીય છે કે રવિવારના સામનાના અંકમાં સંજય રાઉતે લખ્યું હતું કે એનસીપીસુપ્રીમોએ તેમને જણાવ્યું હતું કે સુપ્રિયા સુળેને કેન્દ્રીય કેબિનેટમાં સ્થાનની ઓફર કરવામાં આવી હતી.

રાઉતે જણાવ્યું હતું કે એવું લાગે છે કે કોઈ ગેરસમજ થઈ છે અને તેણે પવાર સાથે થયેલી ખાનગી ચર્ચાને શિવસેનાના મુખપત્ર સામનામાં જાહેર કરવી જોઈતી નહોતી. રાઉતે જણાવ્યું હતું કે મારી અને શરદ પવારની વચ્ચે થયેલી ચર્ચા મેં મારા લેખમાં જાહેર કરી નાખી હતી. મારે આ વાતો જાહેર કરવી જોઈતી નહોતી. તે ખાનગી ચર્ચા હતી. ભારતીય રાજકારણમાં કોઈ કોઈના શત્રુ નથી. અમારી વચ્ચે વિચારધારાનો વિરોધ છે. અમે આમંત્રણ આપી શકીએ અને આવું કોઈ આમંત્રણ મોદી દ્વારા સુળેને આપવામાં આવ્યું હોય તો એનો અર્થ એવો થતો નથી કે કોઈ રાજકીય 'ખીચડી' રંધાઈ રહી છે.

રાઉતે બુધવારે જણાવ્યું હતું કે મને એવું લાગી રહ્યું છે કે પવારની એવી ઈચ્છા હતી કે આ ચર્ચા જાહેર કરવામાં આવવી જોઈતી નહોતી, કેમ કે તેમાં વડા પ્રધાનનો ઉલ્લેખ થતો હતો. આવી ચર્ચાઓ ક્યારેક રમૂજનો વિષય અથવા તો પારિવારિક બાબત હોઈ શકે. પવારે કદાચ એવી જ રીતે આ બાબતનો ઉલ્લેખ મારી પાસે કર્યો હોઈ શકે. મને લાગે છે કે ક્યાંક કોઈ 'ગફલત' થઈ ગઈ હતી, એમ પણ રાઉતે જણાવ્યું હતું. ■

## ક્લાસીફાઈડ

### ૯. લગ્ન સંબંધી

**કાવેરી**
ડૉક્ટર લોહાણા દેખાવડી કુંવારી કન્યા ૩૧/ એમબીબીએસ/એમડી જ્ઞાતિબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨ / ૯૬૧૯૮૭૮૧૭૨ (ગોલ્ડન). (દહેજ નહીં). (૫૪૧-એ)

**કાવેરી**
જૈન દેખાવડી વેલસેટ કુટુંબની કુંવારી કન્યા ૨૩/ બીઈ જૈનોએ મળવું ૯૯૨૦૭૯૦૭૭૨ / ૯૯૩૦૬૭૩૭૭૨ (ગોલ્ડન). (દહેજ નહીં). (૫૪૧-એ)

**કાવેરી**
વણકર (મેઘવાળ) કુંવારા વેલસેટ સર્વીસવાળા યુવક ૩૪/સીએ/સીએસ જ્ઞાતીબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨ / ૯૬૧૯૮૭૮૧૭૨ (ગોલ્ડન). (દહેજ નહીં). (૫૪૧-બી)

**કાવેરી**
અમેરિકાથી લગ્નાર્થે આવનાર પટેલ લેઉઆ સર્વીસવાળા કુંવારા દેખાવડા યુવક ૩૧/બીઈ/ એમએસ જ્ઞાતીબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨ / ૯૬૧૯૮૭૮૧૭૨. (દહેજ નહીં). (૫૪૧-સી)

**કાવેરી**
જૈન ગર્ભશ્રીમંત બિઝનેશવાળા ધાર્મિક કુટુંબના દેખાવડા છુટાછેડા યુવક ૩૪/બીકોમ/એમબીએ જ્ઞાતીબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨ / ૯૬૧૯૮૭૮૧૭૨ (સીલ્વર). (દહેજ નહીં). (૫૪૧-ડી)

**કાવેરી**
વાલકેશ્વર રહેતા જૈન વિધવા દેખાવડી નિઃસંતાન ગર્ભશ્રીમંત ધાર્મિક કુટુંબની યુવતી ૫૨/ બીકોમ માટે જૈનોએ મળવું ૯૯૨૦૭૯૦૭૭૨/ ૯૯૩૦૬૭૩૭૭૨. (ગોલ્ડન) (દહેજ નહીં). (૫૪૧-ઈ)

**કાવેરી**
લોહાણા ગર્ભશ્રીમંત બિઝનેસવાળા કુટુંબના દેખાવડા કુંવારા મામૂલી તકલીફવાળા યુવક ૩૨/ બીકોમ/ એમબીએ માટે જ્ઞાતિબાધ નથી ૯૯૨૦૭૯૦૭૭૨/ ૯૬૧૯૮૭૮૧૭૨ (વીઆઈપી). (દહેજ નહીં). (૫૪૧-એફ)

**યુવક**
બીઝનેસ- ૧૯૮૭, ૫'-૭'' બીકોમ સુખી સંસ્કારી દેખાવડો- ૨૮૯૯૮૫૨૮. (દહેજ નહીં) (૧૭૦-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**SANTACRUZ**
**Flat, carpet area - 1157, North Avenue Road, Santacruz West, Distress Sale. 9820017825. (269/A)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
વાલીવ - સાતીવલી - હાઈવે ઈન્ડસ્ટ્રીયલ ગાળા / ફ્લેટ લેવા - વેચવા - ભાડેથી રાજેશ દડિયા ૯૩૨૬૪૯૫૦૦૩ / ૭૬૬૬૪૯૫૦૦૩. (૩૨૨૯-એ)

**વસઈ-વિરાર**
**સાતીવલી, વાલીવ, હાઈવે, કામણ, બાપાને, માલજીપાડા, ચંદનસાર, ઈન્ડસ્ટ્રીયલ ગાળા, શેડ, યુનીટ, પ્લોટ, લેવા, વેચવા, ભાડેથી, ગોપીભાઈ- ૯૯૭૦૫૬૧૩૬૩, જીતેન્દ્રભાઈ- ૯૩૭૨૦૯૮૪૬૫. (૩૭૦૩-આઈ)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# મોડાં પરિણામોને કારણે પરીક્ષાઓ લેવાશે મોડી

## બી.કૉમ.-બી.એસસી.ની પરીક્ષાઓ નવેમ્બરમાં, દિવાળી વૅકેશન બગડશે

મુંબઈઃ મે મહિનાઓમાં પરીક્ષા લીધા બાદ મુંબઈ યુનિવર્સિટીએ છેક સપ્ટેમ્બર મહિનામાં પરિણામો જાહેર કર્યાં છે. હજુ ૩૦,૦૦૦ જેટલી ઉત્તરવહી ચેક કરવાની બાકી છે અને તે ઉપરાંત વિવિધ કારણોસર ૮૫,૦૦૦ વિદ્યાર્થી ને પરિણામો મળ્યાં નથી, તેમ જ ૨૨,૦૦૦ જેટલા વિદ્યાર્થીએ રિવેલ્યુએશન માટે અરજી કરી છે. આ તમામ પ્રક્રિયા માટે યુનિવર્સિટી સહિત કૉલેજો અને તેના પ્રોફેસરો પણ કામે લાગ્યા છે, જેને લીધે સેમિસ્ટર મોડું શરૂ થયું છે અને હવે પરીક્ષાઓ પણ મહિનો પાછી ઠેલાય તેવા ઘાટ ઘડાયા છે. મુંબઈ યુનિવર્સિટીએ પરીક્ષાની તારીખો આપી છે, પણ તે અંતિમ નથી, તેમાં ફેરફાર શક્ય છે. પરીક્ષા અને પરિણામ વિભાગ હાલમાં તો પેન્ડિંગ પરિણામો આપવામાં, ખોવાયેલી ઉત્તરવહીઓ શોધવામાં અને રિવેલ્યુએશનમાં વ્યસ્ત છે. આગામી પરીક્ષા લેવા માટે તેમને પણ તૈયારીઓની જરૂર પડશે. આ સાથે પ્રોફેસરો છેલ્લા ત્રણેક મહિનાથી સતત કામ કરે છે અને કૉલેજોમાં પોતાના લેક્ચર લેવા નિયમિતપણે હાજર રહી શકતા નથી. આવી સ્થિતિમાં પરીક્ષા મોડી લેવાય તે સ્વાભાવિક છે.

યુનિવર્સિટીએ આપેલી તારીખો પ્રમાણે બીએના પાંચમા સેમિસ્ટરની પરીક્ષા ૨૨ નવેમ્બરે શરૂ થવાની સંભાવના છે, જ્યારે બી.કૉમ.ના પાંચમા સેમિસ્ટરની પરીક્ષા ૨૦ નવેમ્બરે શરૂ થવાની સંભાવના છે. તે જ રીતે એમ.એ સેમિસ્ટર ટુ અને ફોરની પરીક્ષા ૮ નવેમ્બરે તો એમ.કૉમ.ની સેમિસ્ટર ટુ અને ફોરની પરીક્ષા ૨૦ નવેમ્બરે શરૂ થશે. બી.એસસી.ના પાંચમાં સેમિસ્ટરની પરીક્ષા ૮ નવેમ્બરથી શરૂ કરવામાં આવશે અને એમ.એસસી.ના બન્ને પાર્ટની પરીક્ષા પણ ૮મીએ શરૂ થશે, તેમ યુનિવર્સિટીએ જણાવ્યું હતું. આ ઉપરાંત પહેલા, બીજા, ત્રીજા સેમિસ્ટરની તેમ જ રીપિટર્સ માટેની પરીક્ષાઓ ડિસેમ્બર મહિનામાં લેવાશે. આ મામલે જયહિંદ કૉલેજના પ્રિન્સિપાલ અશોક વાડિયાએ 'મુંબઈ સમાચાર' સાથે વાત કરતા જણાવ્યું હતું કે હજુ સુધી પરીક્ષાઓની તારીખો અંગે સ્પષ્ટતા થઈ નથી, પરંતુ અભ્યાસક્રમ પૂરો કરવા માટે સમયની મર્યાદા છે. આથી દિવાળીની રજાઓમાં વિદ્યાર્થી અને પ્રોફેસરોએ અભ્યાસ કરવો-કરાવવો પડે તેવી સંભાવનાઓ નકારી શકાય નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે મુંબઈ યુનિવર્સિટીનો પરીક્ષા અને પરિણામ વિભાગ લગભગ છેલ્લા સાડાત્રણ મહિનાથી એક પણ રજા વિના કામ કરી રહ્યો છે. ■

# પાઈપગૅસનો વ્યાપ વધ્યો હવે ડોંબિવલીથી અંબરનાથ સુધી

*કલ્યાણ:* ગૅસના સિલિંડરને લાવવા-લઈ જવાની તકલીફ અને વધતા ભાવના વિકલ્પ તરીકે પાઈપ ગૅસનો વ્યાપ થાણે જિલ્લામાં હજુ વધશે એવું સૂત્રોએ જણાવ્યું હતું. ડોંબિવલીથી અંબરનાથ સુધીમાં ૨૭ હજાર ગ્રાહક સુધી પાઈપ ગૅસ પહોંચાડવા મહાનગર ગૅસ કંપનીએ કમર કસી છે. અંબરનાથથી ડોંબિવલીના ક્ષેત્રમાં ૨૬,૫૦૦ ઘરેલુ તેમ જ ૩૮ ધંધાદારી લોકો મહાનગર ગૅસનો લાભ લઈ રહ્યા છે. ૨૦૧૧થી મહાનગર ગૅસે અંબરનાથ, બદલાપુર, ઉલ્હાસનગર, વિઠ્ઠલવાડી, કલ્યાણ, ઠાકુર્લી, ટીટવાલા અને ડોંબિવલી ક્ષેત્રમાં નૈસર્ગિક ગૅસ પુરવઠાના કામ માટે નેટવર્ક ઊભું કરવાની શરૂઆત કરી છે. આ ક્ષેત્રમાં થોડા સમયમાં ૧૫૦ કિ.મી. લાંબો પટ્ટો વિકસિત કરવામાં આવશે, એવું મહાનગર ગૅસના અધિકારીએ જણાવ્યું હતું. ■

૧લા પાનાનું ચાલુ

### બુલેટ ટ્રેન

કરાવવામાં આવ્યા હતા અને રોડ-શોના વાતાવરણને સંગીતમય બનાવી દેવામાં આવ્યું હતું.

ગાંધીઆશ્રમમાં પહોંચીને જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબે અને તેમનાં પત્નીએ રાષ્ટ્રપિતાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સાબરમતી આશ્રમની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શિન્ઝો દંપતીની સાથે જ રહીને ગાંધીઆશ્રમનો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ મોદીએ સાબરમતી નદી અને રિવરફ્રન્ટના દર્શન કરાવ્યા હતા. જાપાનના વડા પ્રધાનને બાપુની આત્મકથા, રેંટિયો અને ગાંધીજીના ત્રણ વાનરની આરસની શિલ્પકૃતિની ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ બાદ જાપાનના વડા પ્રધાનનો કાફલો વસ્ત્રાપુરમાં આવેલી હોટલ તરફ રવાના થયો હતો. જ્યારે મોદી રાજભવન પહોંચ્યા હતા. આ તમામ મહાનુભાવોએ થોડો આરામ કર્યા બાદ શિન્ઝો દંપતી હોટલથી પોતાના કાફલા સાથે સીદી સૈયદની જાળી લાલ દરવાજા આવી પહોંચ્યા હતા. માર્ગ પર લોકોએ અભિવાદન કર્યું હતું. હેરિટેજ ગણાતી સીદી સૈયદની જાળી લાલ દરવાજા આવી પહોંચતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનના વડા પ્રધાન અને તેમના પત્ની અકી આબેને આવકાર્યા હતાં અને સીદી સૈયદ જાળી-મસ્જિદમાં રેડ કાર્પેટ પાથરીને મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આબે દંપતીને ગાઈડ બનીને મોદીએ ઐતિહાસિક ઇમારત અને શિલ્પ સ્થાપત્ય વિશેની માહિતી આપી હતી. સીદી સૈયદની જાળી અને ઐતિહાસિક ગણાતી મસ્જિદને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવી હતી અને આ નજારો જોઈને મહાનુભાવો પ્રભાવિત થયા હતા. આ કાર્યક્રમ બાદ તમામ મહાનુભાવો હોટલ અગાસીમાં ભોજન લેવા માટે પહોંચ્યા હતા અને ગુજરાતી ભોજનનો આસ્વાદ મહાનુભાવોએ માણ્યો હતો. ■

### રોડ શૉ

દ્વારા પણ રોડની બંને બાજુથી જોરદાર પ્રતિસાદરૂપ મહાનુભાવોને આવકાર મળ્યો હતો. બાળકોએ પણ ગરબા-યોગ વગેરે કલા પ્રદર્શિત કરી હતી. ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રેલાવાયેલી બેન્ડની સુરાવલીએ સમગ્ર રોડ-શૉના વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું. સમગ્ર રોડ શૉ દરમિયાન ભારત અને જાપાનના સુરક્ષા અધિકારીઓ ખાસ અંદાજમાં સજ્જ થયેલા જોવા મળતા હતા. ખાસ કરીને બાઇક ઉપર સજ્જ સુરક્ષા જવાનો અલગ જ દેખાઇ આવતા હતા. લગભગ સાડાચાર વાગ્યાની આસપાસ આ કાફલો ગાંધીઆશ્રમ પહોંચ્યો હતો અને રોડ-શૉ સંપન્ન થયો હતો. ■

### ટાર્ગેટ ચીન

અને રોબોટિક્સમાં સંશોધન ક્ષેત્રે સંયુક્ત સહકાર સાધવા માટે ટેક્નીકલ ચર્ચાવિચારણા કરવા પણ સહમત થયો છે.

વર્ષ ૨૦૧૧માં ફૂકુશીમા અણુ ઊર્જા પ્લાન્ટ ખાતે વિનાશ વેરાયા બાદ ભારત સાથે અણુ સોદો સાધવાની વિરુદ્ધમાં જાપાનમાં રાજકીય પ્રતિકાર નિહાળી શકાયો હતો. બીજા વિશ્વ વિગ્રહ વેળાએ અણુ બૉમ્બ હુમલામાં ભારે યાતના ભોગવનાર એકમાત્ર દેશ જાપાન હતો. અણુ ઊર્જા બજારમાં જાપાન માંધાતા લેખાતો દેશ છે. તેની સાથે કોઈ અણુ સોદો થાય તો અમેરિકા સ્થિત અણુ પ્લાન્ટ ઉત્પાદકો 'વેસ્ટીંગહાઉસ ઈલેક્ટ્રીક કોર્પોરેશન' અને જીઈ એનર્જી ઈન્કોર્પોરેશનને ભારતમાં અણુ પ્લાન્ટ સ્થાપવાનું ઘણું સરળ થઈ પડશે. કારણ કે આ બંને મંડળો પાસે જાપાનના રોકાણો છે. (પીટીઆઈ) ■

### કેરળના પાદરી

પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું. ગયે વર્ષે ડિસેમ્બર મહિનામાં ઉઝુન્નલીલનો વીડિયો બહાર આવ્યો હતો, જેમાં તેમણે મુક્તિ માટે સરકારને અપીલ કરી હતી.

આ અંગેની વીડિયો ક્લિપમાં ઉઝુન્નલીલે કહ્યું હતું કે, 'જો હું યુરોપિયન પાદરી હોત તો મને વધારે ગંભીરતાથી લેવામાં આવ્યો હોત. હું ભારતનો છું. તેથી કદાચ મારા પર વધારે ધ્યાન આપવામાં આવતું નથી.'

જુલાઈ મહિનામાં, કેન્દ્રીય પ્રધાન સુષમા સ્વરાજે ઉઝુન્નલીલના અપહરણનો મુદ્દો યમનના નાયબ વડા પ્રધાન પાસે ઉખેળ્યો હતો અને તેમને આ પાદરીને છોડાવવાની વિનંતી કરી હતી. (પીટીઆઈ) ■

છેલ્લા પાનાનું ચાલુ

### ગુડ મોર્નિંગ

પછી એ કાણામાંથી ગોળીઓનો વરસાદ વરસાવીને અંદર બેઠેલા ટાર્ગેટને ભૂંસી નાખે. રિયલ લાઈફમાં ૭ મે ૧૯૯૪ના રોજ બનેલા આ સીનને પણ પેલા કોર્ટના સીન, ગવળી ગૅન્ગ તથા સુનીત ખટાઉ સાથે ગહેરો સંબંધ છે.

એમાં એવું બન્યું કે સુનીત ખટાઉ સાથે અરુણ ગવળીનો સોદો થઈ ગયો છે એની જાણ અમર નાઈકની ગૅન્ગને થઈ ગઈ. અરુણ ગવળી અને અમર નાઈકને બાપે માર્યા વેર. ખટાઉ પાસેથી કરોડો રૂપિયા મળ્યા પછી ગવળી બધી રીતે પાવરફુલ થઈ જવાનો હતો. એ ચિક્કાર શસ્ત્રો ખરીદી શકવાનો હતો, ઘણા બધા શૂટર્સ રાખીને ધંધાનો વિકાસ કરી શકવાનો હતો અને ગવળીની જગ જાણીતી મહેચ્છા હતી. પોલિટિક્સમાં જવાની, એ સપનું પણ ખટાઉના કરોડો રૂપિયા ગજવામાં આવી ગયા પછી સાકાર થઈ જવાનું હતું. જો આવું થાય તો અમર નાઈકની ગૅન્ગનું અસ્તિત્વ ભૂંસાઈ જાય. અમર નાઈકને આ જ ડર હતો.

અમર નાઈકે નક્કી કર્યું કે આખો લાડવો એકલો ગવળી જ આરોગી જાય તે કેમ ચાલે? આ એરિયામાં કંઈ ગવળી એકલો જ ધંધો નહોતો કરતો. ગવળીનું ભાયખલામાં રાજ હતું એમ ભાયખલાના પાડોશી વિસ્તારો ચિંચપોકલી અને કરી રોડમાં અમર નાઈકનો સિક્કો પડતો હતો. અમર નાઈકે સુનીત ખટાઉને જાસો મોકલ્યો. સુનીત ખટાઉ ગવળીને જવાબદારી સોંપીને નિશ્ચિંત બની ચૂકેલા. આ બાજુ સુનીત ખટાઉએ (ગવળીની જાણબહાર) એક મેજર કન્સ્ટ્રક્શન કંપની સાથેનો કોન્ટ્રાક્ટ અલમોસ્ટ ફાઈનલ કરી નાખ્યો હતો એવું ડેરિલ ડીમોન્ટેએ પોતાના પુસ્તક 'રિપિંગ ધ ફેબ્રિકઃ ધ ડિક્લાઈન ઑફ મુંબઈ ઍન્ડ ઈટ્સ મિલ્સ'માં નોંધ્યું છે. એક જમાનામાં 'ઈન્ડિયન એક્સપ્રેસ' અને તે પછી 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના નિવાસી તંત્રી રહી ચૂકેલા તેજતર્રાર પત્રકાર ડેરિલ ડીમોન્ટેના લખવા મુજબ એ કન્સ્ટ્રક્શન કંપનીની છૂપી માલિકી દાઉદ ઈબ્રાહિમની ગૅન્ગના માણસોની હતી. દાઉદ તો ઑલરેડી દુબઈ ભેગો થઈ ગયો હતો અને માર્ચ ૧૯૯૩ના મુંબઈ બૉમ્બબ્લાસ્ટના સૂત્રધાર તરીકે વૉન્ટેડ હતો. યુનિયન લીડર ડૉ. દત્તા સામંતે ઓપનલી આક્ષેપ કર્યો હતો કે આ ડીલ રૂા. ૪૦૦ કરોડનું હતું અને મિલમાલિકો તથા રાજકારણીઓની મિલીભગતને લીધે આ મામલામાં અંડરવર્લ્ડે પ્રવેશ કર્યો હતો.

સુનીત ખટાઉએ મહારાષ્ટ્ર સરકાર તેમજ અન્ય સરકારી ખાતાઓ પાસેથી મિલને ફડચામાં લઈ જવાની પરવાનગી મેળવી લીધી હતી. બોર્ડ ફોર ઈન્ડસ્ટ્રિયલ ઍન્ડ ફાઈનાન્શ્યલ રિકન્સ્ટ્રક્શન (બી. આઈ. એફ. આર.)ના નામનો રૂપાળો સ્વાંગ ધરાવતો આ કારસો વાસ્તવમાં પોલિટિશ્યનો દ્વારા મિલમાલિકોને મિલની સોનાની લગડી જેવી જમીન વેચવા દેવા માટેનો સત્તાવાર પરવાનો કાઢી આપવાની ચાલ હતી. તે વખતે શરદ પવાર મહારાષ્ટ્રના ચીફ મિનિસ્ટર હતા. એમણે હજુ પોતાનો પક્ષ રચ્યો નહોતો, કૉન્ગ્રેસમાં જ હતા. પોતાની મિલોની 'થોડીક' જમીન વેચીને મિલમાલિકો મિલના આધુનિકીકરણ અર્થે નવાં યંત્રો વસાવવા માટે નાણાં ઊભાં કરી શકે એવા બહાના હેઠળ હજારો મજૂરો બેકાર બની રહ્યા હતા. ખટાઉ મિલનો કિસ્સો આ આખાય કારસાનો ટેસ્ટ કેસ હતો. જો ખટાઉ મિલને સફળતાપૂર્વક પોતાની મિલની ૧૩ એકર જમીન કન્સ્ટ્રકશન કંપનીને વેચવા મળે તો મુંબઈના મિલ વિસ્તારની બીજી ડઝનબંધ મિલો માટે માર્ગ મોકળો થઈ જાય. મુંબઈના તમામ ૮૦ જેટલી મિલોના માલિકો કાગડોળે સુનીત ખટાઉના સોદાનું શું થાય છે તે જોઈ રહ્યા હતા.

ખટાઉના ખાટલે મોટી ખોડ એ હતી કે બી.આઈ.એફ.આર. તહત મિલના રજિસ્ટર્ડ યુનિયન તરફથી એન.ઓ.સી. મળવું અનિવાર્ય હતું અને ખટાઉ મિલમાં 'રાષ્ટ્રીય મિલ મઝદૂર સંઘ'નું યુનિયન હતું જે સુનીત ખટાઉના આ પ્લાનનો જડબેસલાક વિરોધ કરતું હતું. એ જમાનામાં ૧૯૪૬ના 'ધ બૉમ્બે ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ એક્ટ હેઠળ એક કંપની, સંસ્થા કે મિલમાં એક જ યુનિયન હોઈ શકે, એકથી વધુ નહીં. ૫,૭૦૦ વર્કરો માટે મસમોટું વળતરનું પૅકેજ મેળવ્યા વિના આ યુનિયન ખટાઉને નો ઑબ્જેકશન સર્ટિફિકેટ આપવા માગતું નહોતું અને ખટાઉ જો એટલો મોટો ખર્ચો કરવા જાય તો મલાઈ બધી બીજાઓ લઈ જાય, પોતાના હાથમાં કંઈ જ ન બચે એવું મનાતું હતું. એ વખતના ખટાઉ મિલના યુનિયન લીડર હરિભાઉ નાઈકને ફોડવાના, લાલચ આપવાના, ધમકાવવાના અને ખરીદવાના તમામ પ્રયત્નો પર પાણી ફરી વળ્યા પછી સુનીત ખટાઉએ નક્કી કર્યું કે નેક્સ્ટ યુનિયન ઈલેક્શન્સમાં આ લીડરને હરાવીને પોતાનો માણસ યુનિયનનો લીડર બને એની રાહ જોવા સિવાય છૂટકો નથી. અરુણ ગવળી સાથે સોદો કરવાનું મુખ્ય કારણ જ આ કારણ કે ખટાઉને ખબર કે હરિભાઉને વર્કરોનો એટલો મોટો સપોર્ટ છે કે નેક્સ્ટ ઈલેક્શનમાં એમને હરાવવા અશક્ય છે.

ગવળીએ ૩ કરોડ રૂપિયા ઍડવાન્સ લઈને (પાંચસો કરોડની જમીનના પાંચ ટકાને હિસાબે બાકીના ૨૩ કરોડ એને કામ પૂરું થયા બાદ મળવાના હતા) પોતાનું કામ શરૂ કરી દીધું. ગવળીએ વિજય અહિર અને ભાણાભાઈ સચિન અહિરને ખટાઉ મિલમાં વર્કર તરીકે ભરતી કરાવી દીધા. વિજય અને સચિન પડછાયાની જેમ સુનીત ખટાઉની સાથે રહેવા લાગ્યા. સૉર્ટ ઑફ બૉડિગાર્ડ. વર્કરોને અલગ અલગ જૂથમાં સામ-દામ-દંડ-ભેદથી સમજાવવાનું શરૂ થયું. વર્કરો આ મિલ છોડીને બીજી મિલમાં બદલી લેવા માટે રાજીખુશીથી તૈયાર છે એવાં લખાણો પર પણ બળજબરીથી સહીઓ લેવાવા માંડી. યુનિયનની ચૂંટણી આવી. હરિભાઉ નાઈકની સામે ખટાઉ-ગવળીના કઠપૂતળી ઉમેદવાર શંકરરાવ જાધવનું પલડું ભારી થવા માંડ્યું. ચૂંટણી થઈ. પરિણામો આવ્યાં. શંકરરાવ જાધવ પ્રચંડ બહુમત સાથે યુનિયનના પ્રમુખ તરીકે ચૂંટાયા. સચિન આહીર આ યુનિયનના સેક્રેટરીઓમાંનો એક બન્યો. એપ્રિલ ૧૯૯૪ની આ વાત. ગવળીમામાના ભાણાભાઈ સચિનની ઉંમર તે વખતે ૨૨ વર્ષની. વર્કરો પાસેથી લેખિત પરવાનગી મળી ગઈ કે આ મિલને બીજી જગ્યાએ ખસેડવાની અને અહીંની (ભાયખલાની) જગ્યાને વેચવાની સામે અમને કોઈ વાંધો નથી.

અમર નાઈક અધીરો થઈ ગયો. સુનીત ખટાઉ એને આ જમીનના વેચાણમાંથી રાતી પાઈ આપવા તૈયાર નહોતા. એટલું જ નહીં ખટાઉએ ગવળીને અમર નાઈકના જાસા વિશે ફરિયાદ કરી. ગવળી તે વખતે પુણેની યેરવડા જેલમાં. ત્યાં બેઠાં બેઠાં ગવળીએ કહેવડાવ્યું કે તમે ફિકર શું કામ કરો છો, હું બેઠો છું ને.

પણ અરુણ ગવળીએ બેસી રહેવાને બદલે જેલમાંથી જ હુકમો છોડ્યા અને અમર નાઈક ખટાઉનો કૉલર છોડી દે એ માટે એને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. એ જ દિવસોમાં ખબર પડી કે અમર નાઈક ખટાઉનું ખૂન કરવાની યોજના ઘડી રહ્યો છે. અમર નાઈક આવી કોઈ બદતમીજી કરે તો પહેલાં જ એને સીધોદોર કરવા, કોણ વધુ પાવરફુલ છે તે પુરવાર કરવા અરુણ ગવળીએ સદાનંદ પાવલે ઉર્ફે સદામામાને યેરવડામાં બોલાવીને સોપારી આપીઃ અમર નાઈકને ઉડાવી દેવાનો છે.

સદાને અમર નાઈક કરતાં મોટી દુશ્મની એના ભાઈ અશ્વિન નાઈક સામે હતી, કારણ કે સદાના વર્ષોના ભેરુ તાન્યા કોળીની હત્યા માટે અશ્વિન નાઈક જવાબદાર હતો. અશ્વિન નાઈકને મારવાથી પણ અમર નાઈકની ગૅન્ગની તાકાત ખોખલી થઈ જ જવાની હતી. સદા એ રીતે ખુશ થતો હોય તો ગવળીને કોઈ વાંધો નહોતો.

૧૮ એપ્રિલ, ૧૯૯૪નો દિવસ. અશ્વિન નાઈકને તાન્યા કોળીના ખૂનના આરોપ બદલ 'ટાડા' હેઠળ કલ્યાણની આધારવાડી જેલમાં રાખવામાં આવ્યો હતો. એનો કેસ મુંબઈની સેશન્સ કોર્ટ નં. ૩૩માં ચાલતો હતો. એ દિવસે અશ્વિન નાઈકની તારીખ હતી. સદા પાવલેએ અશ્વિન નાઈકને ઉડાવવાનો પ્લાન બનાવીને એ કામ રવીન્દ્ર સાવંત અને નાગેશ મોહિતેને સોંપ્યું. સાવંતે વકીલો જેવો કાળો કોટ અને સફેદ શર્ટ પહેરીને ફાઈલો નીચે ગન છુપાવીને અશ્વિન નાઈકની એકદમ નજીક પહોંચીને પોઈન્ટ બ્લેન્ક રેન્જથી એનું ભેજું ઉડાવી દેવાનું હતું. મોહિતે એ સાવંતની સાથે રહેવાનું હતું-અશ્વિન નાઈકને આઈડેન્ટિફાય કરવા અને આપત્તિમાં સાવંતની મદદ કરવા. પોલીસ વાનમાંથી ઊતરીને કોર્ટમાં એન્ટર થઈ રહેલા અશ્વિન નાઈકની સાવ નજીક પહોંચીને સાવંતે ગોળીબાર કર્યો પણ ગોળી અશ્વિનના માથાને બદલે ગળામાં વાગી. અશ્વિન ફસડાઈ પડ્યો. સાવંતે કોઈ ચાન્સ ન લેતાં ધડાધડ ગોળીઓ છોડવા માંડી જે અશ્વિને ઘેરી વળેલા બે પોલીસ કોન્સ્ટેબલોને વાગી. અશ્વિન નાઈકને હિરાસતમાં સલામત રાખવા માટે આવેલા પોલીસ કમાન્ડોએ સાવંત પર ગોળીબાર કર્યો. સાવંત જમીનદોસ્ત થઈ ગયો, પણ એણે ગોળીઓ છોડવાનું ચાલુ રાખ્યું. દરમિયાન અંધાધૂંધીનો લાભ લઈને મોહિતે કોર્ટના પ્રીમાઈસિસમાંથી ભાગી છૂટ્યો.

અશ્વિન નાઈકને ગંભીર ઈજા સાથે પોલીસ પહેરા હેઠળ વીટીની સેન્ટ જ્યોર્જ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો, ત્યાંથી જે. જે. હૉસ્પિટલમાં.

અશ્વિન નાઈકની ટ્રીટમેન્ટ દોઢ વરસ ચાલી પણ તે આજીવન અપંગ બની ગયો. વ્હીલચેર વિના એ હરીફરી શકવાને અસમર્થ બની ગયો. આવી અપંગ અવસ્થાને કારણે એની પત્ની એના જ બોડીગાર્ડના પ્રેમમાં પડી અને છડેચોક એની સાથે સંબંધ થઈ ગયો એ વળી આખું જુદું પ્રકરણ છે.

ભાઈ અશ્વિન નાઈકના ખૂનના આઘાતની કળ વળ્યા પછી અમર નાઈક માટે જીવનનું એક જ લક્ષ્ય હતું-સુનીત ખટાઉની હત્યા.

૭ મે, ૧૯૯૪. સવારના અગિયાર વાગ્યા પર પંચાવન મિનિટ થઈ હતી. મહાલક્ષ્મી રેલવે સ્ટેશન પાસેના સિગ્નલ પર સુનીત ખટાઉની ક્રીમ કલરની મર્સિડિસ ઊભી રહી. ખટાઉને ઑફિસ જવાની ઉતાવળ હતી. ત્યાં જ હીરો હોન્ડા પર સવાર બે યુવાન આવ્યા. મર્સિડિસની આગળ આવીને રસ્તો રોકીને ઊભા રહી ગયા. ત્યાં જ બીજી બે બાઈક પર બે જોડી આવી પહોંચી એક બાઈક મર્સિડીસની જમણી બાજુએ ઊભી રહી ગઈ, બીજી બાઈક ડાબી બાજુએ. કારની વિન્ડસ્ક્રીનના અને બેઉ તરફની વિન્ડોના કાચને જોરદાર હથોડા મારીને તોડી નાખવામાં આવ્યા. ગોળીઓનો વરસાદ વરસ્યો. થોડીક જ સેકન્ડમાં ત્રણેય બાઈક જાણે હવામાં ગાયબ થઈ ગઈ. સુનીત ખટાઉના વફાદાર અને બહાદુર ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને કાર સીધી નાયર હૉસ્પિટલ પર લીધી, પણ સુનીત ખટાઉના નસીબમાં આઈ.સી.યુ.માં નહીં પણ પોલીસ લાશનો કબજો લેવા આવે ત્યાં સુધી હૉસ્પિટલના શબઘરમાં રહેવાનું લખાયું હતું.

સુનીત ખટાઉની હત્યાના સમાચાર અરુણ ગવળીને જેલમાં મળ્યા ત્યારે એના મોઢામાંથી વારંવાર એક જ શબ્દ નીકળ્યા કરતો હતોઃ 'બહેન...'

અરુણ ગવળી ગૅન્ગ પરનો અત્યાર સુધીનો આ સૌથી મોટો પ્રહાર હતો. એની ગૅન્ગને ખતમ કરવામાં બાકી રહેલું કામ એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ વિજય સાલસકરે પૂરું કર્યું. આ એ જ જાંબાઝ સાલસકર જે ૨૦૦૮ની ૨૧ નવેમ્બરે કસાબને પકડવાના મિશનમાં શહીદ થઈ ગયા.

કાલે પૂરું.

## આજનો વિચાર

પુરુષની જાત જ સાવ સ્વાર્થી છે. આ જુઓને હનીપ્રીત આવી નથી ને આ લોકો સની લિયોનીને તો સાવ ભૂલી ગયા! -વૉટ્સઍપ પર વાંચેલું

## એક મિનિટ!

પત્નીઃ 'આજે તમને આલુ પરાઠા બનાવી દઉં?'

બકોઃ 'ના, રહેવા દે. માણસ છું, એ જ ઠીક છે.'